

લીંબોદરા હાઈસ્કૂલના ગણિત વિજ્ઞાન શિક્ષક મહેન્દ્રભાઈ પ્રહલાદભાઈ દરજી વયનિવૃત્ત થતાં તેમનો વિદાય સમારોહ શાળા દ્વારા યોજવામાં આવ્યો હતો. આચાર્ય તેજસિંહ પરમાર અને શાળા પરિવાર દ્વારા મહેન્દ્રભાઈને શાલ તથા સ્મૃતિભેટ આપી વિદાય આપવામાં આવી હતી.

# રાંધેજા ખાતે ગૂજરાત વિદ્યાપીઠ સ્થાપના દિવસની ઉજવણી




મહાત્મા ગાંધી દ્વારા ૧૮ ઓક્ટોબર ૧૯૨૦માં સ્થાપીત ગૂજરાત વિદ્યાપીઠનો સ્થાપના દિવસ અને ૧૦૦માં વર્ષમાં પ્રવેશ એટલે કે શતાબ્દી વર્ષ ઉજવણી કાર્યક્રમમાં ગૂજરાત વિદ્યાપીઠના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા ખાતે 'શતાબ્દી વન' બનાવવામાં આવેલ જેમાં વિવિધ જાતોના ૧૦૦ ફળઝાડો નું વાવેતર કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં માનદ વિસ્તરણ નિયામક રાજેન્દ્રભાઈ ખીમાણી અને કુલસચિવ ભરતભાઈ જોશીના હસ્તે વૃક્ષા રોપણ કરવામાં આવેલ. કેન્દ્રના નિષ્ણાતો દ્વારા આદરજ અને જલુંદ ગામોમાં સમૂહ પ્રાર્થના અને ગૂજરાત વિદ્યાપીઠ અને ગાંધીજી વિષય પર માહિતી આપવામાં આવેલ. આ કેન્દ્ર દ્વારા શતાબ્દી વર્ષ દરમિયાન જીલ્લાના પાંચ ગામોમાં ગાંધી વિચારો જેવા કે સ્વચ્છતા, વ્યસન મુક્તિ, પ્રાથના, આરોગ્ય તેમજ કૃષિ સંબંધિત વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે.

## જન્મદિને વધામણી



શીલાબેન કનુભાઈ શાહ
મો. ૯૯૨૫૦ ૨૨૪૮૬



દમયંતિબેન સુરેશભાઈ ટાંક
મો. ૯૮૯૮૦ ૯૧૫૩૪



પલ્લવી ભાવેશકુમાર સોલંકી
મો. ૮૨૩૮૦ ૪૨૨૩૨



ધ્યેય જાની
મો. ૯૪૨૮૮ ૦૩૦૨૯

# જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા આજથી મેગા દિવાલી શોપિંગ મેળાનો પ્રારંભ કરાશે

ગાંધીનગર, તા. ૧૮

જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા ચાલુ વર્ષે સેકટર-૭ ખાતે સૌરાષ્ટ પટેલ સમાજની વાડીમાં તારીખ ૧૯/અને તારીખ ૨૦ ઑક્ટોબરના રોજ દિવાળી શોપીંગ મેળાનું આયોજન કરવામાં આવેલ છે.

આ શોપીંગ મેળામાં ગૃપનાં સભ્યો દ્વારા ડ્રાયફ્રુટ, વિવિધ મુખવાસ, શરબત, ઈમીટેશનલ જવેલેરી, રેડીમેડ ગારમેન્ટ, લેડીઝ કુર્તા, સાડી, ઓર્ગેનીક વસ્તુઓ, ફુડ આઈટેમ તેમજ હોમલેડ ચોકલેટ, મીઠાઈ, મઠીયા, પાપડ, ચોરાફળી, એલઈડી લાઈટસ, પેઈન્ટીંગ એન્ડ કાર્ડસ, ડીઝાઈનર લેડીઝવેર, જૈનીઝમ સાબુ, ડેકોરેટીવ કેન્ડલ, હેન્ડી ક્રાફટ, ઓરીફેલમ પ્રોડકટ, હોમ મેડ હેર ઓઈલ, ઈન્વેસ્ટમેન્ટની માહિતી અન્ય ફેન્સી આઈટમોનું વિવિધ સ્ટોલ થકી તદ્દન વ્યાજબી ભાવે વેચાણ થનાર છે. આ શોપીંગ મેળાનો ટાઈમ સવારે ૦૯.૦૦ કલાક થી રાત્રીનાં ૦૯.૦૦ કલાક સુધીનો રહેશે.

આ શોપીંગ મેળાનાં સફળ આયોજન માટે મધુસુદન વોરા-પ્રમુખ, ભરતભાઈ કોટડીયા-મંત્રી, કૌશિકભાઈ શાહ–ઉપપ્રમુખ, આર.ડી.ગાંધી–પૂર્વ પ્રમુખ, શોધનભાઈ ગાંધી તેમજ તમામ પૂર્વ પ્રમુખો, હોદ્દેદારો અને કારોબારીનાં સભ્યો જહેમત ઉઠાવી રહેલ છે. શોપિંગ મેળાનું ઉદ્દઘાટન ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ અને ગાંધીનગર સમાચારના તંત્રી શ્રી કૃષ્ણકાન્તભાઈ જ્હા દ્વારા કરવામાં આવશે.

આ શોપિંગ મેળાનો લાભ લેવા સમગ્ર નગરજનોને જૈન સોશ્યલ ગૃપ ગાંધીનગર દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## પરીક્ષામાં ગેરરીતિ બદલ

# જીટીયુ દ્વારા ૩૦૫ વિદ્યાર્થીઓને સજા

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી વિવિધ પરીક્ષાઓમાં ગેરરીતિ કરતાં ઝડપાયેલા વિદ્યાર્થીને સજાની સુનાવણી કરવા માટે તાજેતરમાં બેઠક મળી હતી. જેમાં ૩૨૪ વિદ્યાર્થીની સુનાવણી હાથ ધરી તે પૈકી ૧૯ને નિર્દોષ ઠરાવાયા હતા. ૩૦૫ વિદ્યાર્થીને સજા જાહેર કરવામાં આવી હતી. આ પૈકીના બે વિદ્યાર્થી પર બે વર્ષ માટે પરીક્ષા આપવા પર પ્રતિબંધ મૂકાયો છે.

યુનિવર્સિટી દ્વારા ડિગ્રી-ડિપ્લોમા ઈજનેરી સહિતની જુદી જુદી અનેક પરીક્ષા લેવામાં આવે છે. આ પરીક્ષામાં ચાલુ વર્ષે ૩૨૪ વિદ્યાર્થી ગેરરીતિ કરતાં ઝડપાયા હતા. યુનિવર્સિટીના પરીક્ષાના નિયમો પ્રમાણે આ વિદ્યાર્થીને પરીક્ષા શુદ્ધિ એટલે કે યુએફ કમિટી સમક્ષ રૂબરૂમાં બોલાવવામાં આવતાં હોય છે. રૂબરૂ સૂનાવણી પૂર્ણ થાય બાદ કમિટી દ્વારા સજાની જાહેરાત કરવામાં આવે છે. હાલમાં આ વિદ્યાર્થીની સજા જાહેર કરી દેવામાં આવી છે. જેમાં ૨૩૪માંથી ૧૯ વિદ્યાર્થીને નિર્દોષ છોડવાનો નિર્ણય કરાયો છે. જ્યારે ૪૫ વિદ્યાર્થી એવા છે કે જેમને L-૧ એટલે કે જે વિષયમાં ચોરી કરતાં ઝડપાયા હોય તેમાં નાપાસ કરવાની સજા કરવામાં આવી છે. જયારે ૧૧૯ વિદ્યાર્થીને L-૨ એટલે કે જે વિષયમાં ચોરી કરતાં ઝડપાયા હોય તે પરીક્ષા જ રદ કરવાની સજા કરવામાં આવી હતી. જયારે ૧૩૯ વિદ્યાર્થી એવા હતા કે જેમને L-૩ એટલે કે આ પરીક્ષામા નાપાસ કરવા ઉપરાંત આગામી એક સેમેસ્ટરની પરીક્ષામાં ઉપસ્થિત ન રહેવાની સજા ફટકારવામાં આવી છે.

બાકીના બે વિદ્યાર્થી એવા હતા કે જેઓને L-૪ એટલે કે સૌથી છેલ્લી કેટેગરીની ગણાતી સજા જાહેર કરવામાં આવી છે. આ સજામાં વિદ્યાર્થીને વર્તમાન પરીક્ષામાં નાપાસ કરવા ઉપરાંત આગામી બે વર્ષ સુધી પરીક્ષા નહીં આપવા દેવાનો આદેશ કરવામાં આવ્યો છે. આ બન્ને વિદ્યાર્થીની ઉત્તરવહીઓ માસ કોપી હોવાનું સાબિત થયું હોવાથી તેમને આકરી સજા કરવામાં આવી હતી. બાકીના વિદ્યાર્થી પરીક્ષામાં કાપલી લઈને અથવા તો અન્ય કોઈને કોઈ રીતે ગેરરીતિ કરતાં ઝડપાયા બાદ તેઓએ ગુનો કબૂલ કરી લેતાં તેમને સજાની સુનાવણી કરી દેવામાં આવી હતી.

# શિક્ષણ બોર્ડ દ્વારા પરીક્ષા ફીમાં ૨૦ ટકાનો વધારો

## નિયમિત વિદ્યાર્થીઓ માટેની ધોરણ-૧૦ની ફીમાં રૂા. ૫૫નો, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં રૂા. ૮૫નો અને ધોરણ-૧૨ સાયન્સમાં રૂા. ૧૦૫નો વધારો કરવામાં આવ્યો

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૦માં લેવાનારી ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ તથા ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષામાં ૨૦ ટકા જેટલો વધારો કર્યો છે. આ ફી વધારામાં રૂા. ૨૦થી લઈને રૂા. ૧૪૫ સુધીનો ફી વધારો કરવામાં આવ્યો છે.

બોર્ડ દ્વારા બે વર્ષ પછી ફીમાં વધારો કરવામાં આવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જોકે, બોર્ડ દ્વારા વિદ્યાર્થિનીઓ અને દિવ્યાંગ વિદ્યાર્થીઓ પાસેથી પરીક્ષા ફી લેવામાં આવતી ન હોવાથી તેમને ફીમાંથી મુક્તિ મળશે. નિયમિત વિદ્યાર્થીઓ માટેની ધોરણ-૧૦ની ફીમાં રૂા. ૫૫નો, ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં રૂા. ૮૫નો અને ધોરણ-૧૨ સાયન્સમાં રૂા. ૧૦૫નો વધારો કરવામાં આવ્યો છે.

શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ-૨૦૨૦માં લેવાનારી પરીક્ષા માટેની ફીમાં ૨૦ ટકા સુધીનો વધારો કર્યો છે. નિયમિત વિદ્યાર્થીઓ ઉપરાંત રિપીટર વિદ્યાર્થીઓ માટે લેવાતી પરીક્ષા ફીમાં પણ વધારો કરાયો છે. ધોરણ-૧૦માં રિપીટર વિદ્યાર્થીઓની એક વિષયની ફી રૂા. ૧૧૦ હતી તેમાં રૂા. ૨૦નો વધારો કરાયો છે.

જયારે ત્રણ કરતા વધુ વિષયની ફીમાં રૂા. ૫૦નો વધારો કરવામાં આવ્યો છે. જયારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં ખાનગી વિદ્યાર્થી માટેની ફીમાં રૂા. ૧૪૫નો વધારો કરાયો છે.

ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા ફીમાં પણ વધારો કરાયો છે. ધોરણ-૧૨ સાયન્સમાં એક વિષયની ફી રૂા. ૧૪૦ હતી તે વધારીને રૂા. ૧૮૦ કરવામાં આવી છે. જ્યારે ત્રણ વિષય કરતા વધુ વિષયની ફી રૂા. ૫૦૦ હતી તે વધારીને રૂા. ૬૦૫ કરવામાં આવી છે. જયારે પ્રાયોગિક વિષયની પરીક્ષા ફીમાં પણ વધારો કરવામાં આવ્યો છે.

અગાઉ એક વિષયની પ્રાયોગિક ફી રૂા. ૭૦ હતી તે વધારીને રૂા. ૧૧૦ કરી દેવાઈ છે. આમ, ૩ વિષયની પ્રાયોગિક પરીક્ષા માટે હવે વિદ્યાર્થીઓને રૂા. ૩૩૦ ભરવા પડશે.



સેક્ટર-૬ એના કૉમર્શિયલ કૉમ્પ્લેક્સ વિસ્તારમાં ગાંધીનગર મહાનગરપાલિકા, વોર્ડ નં. ૭નાં નગરસેવક રાકેશ પટેલ અને હિરલ જોશીની દેખરેખ હેઠળ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે આ નવનિર્મિત વિસ્તારમાં વિદ્યાર્થીઓ ઉપરાંત યુવાવર્ગનો ધસારો મોટા પ્રમાણમાં રહે છે. આ કારણે અહીં ગુટખાના પાઉચ, પ્લાસ્ટિક, ચ્હા-કૉફીના કપ જેવી વસ્તુઓનો કચરો મોટા પ્રમાણમાં એકઠો થાય છે. યુવાવર્ગ ગમે ત્યાં કચરો ફેંકતો હોવાથી અહીં ગંદકી બહુ જલદી જામી જાય છે, જેના કારણે રોગચાળો ફાટી નીકળવાની દહેશત રહે છે. જેની સામે અગમચેતીનાં પગલાં રૂપે બંને નગરસેવકો દ્વારા સ્વયં ઉપસ્થિત રહી વિસ્તારમાં સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું હતું.

# કાયદાનું શાસન લોકશાહીનો પાયો અને ન્યાયતંત્ર એનું સંરક્ષક છે

ગાંધીનગર, તા. ૧૮

હોમિયોપથી મેડિકલ કોલેજમાં પ્રવેશની પ્રક્રિયા મુદ્દે નિર્ણય લેવાના અનેકોઅનેક આદેશ છતાંય તેનો અમલ નહીં કરવાના કેન્દ્ર સરકારના આયુષ મંત્રાલય અને હોમિયોપથી કાઉન્સિલના વલણની આકરી ટીકા કરતાં હાઈકોર્ટના ચીફ જસ્ટિસ વિક્રમ નાથ અને જસ્ટિસ એ.જે.શાસ્ત્રીની ખંડપીઠે એક આદેશમાં તેમનો ભારે ઉધડો લીધો હતો. ચીફ જસ્ટિસની ખંડપીઠે આયુષ મંત્રાલય અને કાઉન્સિલને કોર્ટના આદેશોની મહત્તા યાદ અપાવતાં આદેશમાં નોંધ્યું હતું કે,'કાયદાની પ્રક્રિયા પર સમગ્ર ન્યાયતંત્રનો આધાર છે ત્યારે કોર્ટના આદેશોને અવગણવું એ કાયદાની પ્રક્રિયાના મૂળ પર કુઠારાઘાત છે. કાયદાનું શાસન લોકશાહીનો પાયો છે અને ન્યાયતંત્ર એનું સંરક્ષક છે. ન્યાયતંત્ર લોકશાહીનું ત્રીજું નહીં પરંતુ કેન્દ્રીય સ્તંભ છે. તેથી તેના આદેશોની અવગણના કરાશે તો સમાજમાં કાયદાનું શાસન નહીં રહે. તેથી કોર્ટના આદેશોનો અમલ કરવો ફરજિયાત અને અતિઆવશ્યક છે.' ખંડપીઠે ઓથોરિટીની ટીકા કરતાં આદેશમાં નોંધ્યું હતું કે,'અરજદાર દ્વારા હાઈકોર્ટમાં અનેક અરજીઓ કરવામાં આવી હતી. અહીં સુધી કે કોર્ટના આદેશોનો અમલ નહીં કરતાં કન્ટેમ્પ્ટ પિટિશન પણ થઈ હતી. પરંતુ કોર્ટને સ્પષ્ટ રીતે લાગે છે કે તંત્રને કોર્ટ પ્રત્યે પણ સહેજ માન નથી. કોર્ટના હુકમ છતાંય તંત્ર 'પાવરફુલ ઓથોરિટી'ની જેમ વર્તન કરી રહી છે. આવી વર્તણૂકને અમે સહેજ પણ ચલાવી લઈશું નહીં. હાઈકોર્ટે અનેકો આદેશ કરી યોગ્ય નિર્ણય કરવાની સ્પષ્ટ તાકીદ પણ કરી હતી. છેલ્લે ૧૦ દિવસમાં નિર્ણય કરવાનો હુકમ ૭.૮.૨૦૧૯ના રોજ કર્યો હતો. તેમ છતાંય દુર્ભાગ્યપણે આજ દિન સુધી કોઇ નિર્ણય લેવામાં આવ્યો નથી. આ કોર્ટનો સ્પષ્ટ મત છે કે ઓથોરિટીનું આ પ્રકારનું વલણ સહેજ પણ ચલાવી લેવાય નહીં. કોર્ટના આદેશની અવમાનનાને હળવાશથી લેવાય નહીં. અત્યંત દુખ સાથે કોર્ટને નોંધવું પડી રહ્યું છે કે આ કેસમાં પ્રથમ તબક્કેથી જ ઓથોરિટી વિદ્યાર્થીઓનો પ્રવેશ થવા દેતી નથી. એક યા તો બીજી રીતે કેસને લટકાવી રહી છે અને અંતે એ વિદ્યાર્થીઓ કે સંસ્થાના હિતમાં નથી. આયુષ વિભાગ અને હોમિયોપથી કાઉન્સિલ દ્વારા સતત અને બદઈરાદા પૂર્વક કોર્ટના આદેશનો ઉલ્લંઘન થઈ રહ્યો છે, જે કોર્ટની હડહડતી અવમાનના સિવાય બીજું કંઇ નથી. પ્રસ્તુત કેસમાં જ નહીં પરંતુ અન્ય કેસમાં પણ તંત્રે યોગ્ય નિર્ણયો નહીં કરતા હાઈકોર્ટે આદેશો કરવાની ફરજ પડી છે. કોર્ટના આદેશોને અવગણવાના ઓથોરિટીના રીઢા પ્રકારના વલણની આ કોર્ટ ગંભીર નોંધ લઈ રહી છે. આવા વલણ સામે યોગ્ય પગલાં લેવા માટે આ આદેશ સંબંધિત ઓથોરિટી સમક્ષ મૂકવાનો આદેશ પણ કરવામાં આવે છે.' આ કેસમાં અરજદાર સંસ્થા વિદ્યાદીપ હોમિયોપથી મેડિકલ કોલેજની ૧૦૦ બેઠકો પર પ્રવેશની ફાળવણીના મુદ્દે થેયલી અરજીમાં સિંગલ જજ પછી ડિવિઝન બેંચ ત્યારબાદ કોર્ટની અવમાનનાની પિટિશન તમામમાં હાઈકોર્ટે નિર્ણય લેવાના આદેશો કર્યા હતા.

# ઇન્ડિયન આર્મીની સોલ્જર ટેકનિકલ પરીક્ષા વિષે માહિતી આપશો




નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner પર.

**૧. ઇન્ડિયન આર્મીમાં સોલ્જર ટેકનિકલ (એમ.ઇ.આર.) પરીક્ષા વિષે માહિતી આપશો.**

**- કરન મકવાણા, ગાંધીનગર**

અપરિણીત પુરુષ ઉમેદવારો કે જેઓ ધોરણ ૧૦ (મેટ્રિક) પાસ છે તથા ૧૬ થી ૨૩ વર્ષ વચ્ચેની વય ધરાવે છે, તેઓને ભારતીય ભૂમિદળમાં જોડાવાની આ પરીક્ષા એક સુવર્ણ તક પૂરી પાડે છે.ઉમેદવારની ઓછામાં ઓછી ઉંચાઇ ૧૬૭ સેમી, વજન ૫૦ કિગ્રા તથા છાતીની પહોળાઇ ૭૭/૮૨ સેમી હોવી જોઇએ. સૌ પ્રથમ લેખિત પરીક્ષા લેવામાં આવે છે. પ્રથમ પેપર અંતર્ગત જનરલ ઈન્ટેલિજન્સ, મેથેમેટિકલ એપ્ટિટ્યુડ અને જનરલ નોલેજને લગતા સવાલો હોય છે. જ્યારે દ્વિતીય પેપરમાં અંતર્ગત ફિઝિક્સ, કેમિસ?ટ્રી તથા એલ્જિબ્રા, ટ્રિગોનોમેટ્રી તથા એરિથમેટિકને લગતા સવાલો હોય છે. આ બંને હેતુલક્ષી પ્રશ્નપત્રોના ૧૦૦-૧૦૦ માર્કસ હોય છે. આ લેખિત પરીક્ષા બાદ એપ્ટિટ્યુડ ટેસ્ટ તથા



ઈન્ટરવ્યૂ લેવામાં આવે છે. અને તેને આધારે આખરી પસંદગી થાય છે. આ ઉપરાંત, ઈન્ડિયન આર્મી સોલ્જર્સ નર્સિંગ આસિસ્ટન્ટ એકઝામ તથા ઈન્ડિયન આર્મી સોલ્જર જનરલ ડયૂટી એકઝામ તથા ઈન્ડિયન આર્મી સોલ્જર્સ કલાર્કસ એકજામ પણ લેવામાં આવે છે. આ બધી જ પરીક્ષાઓ માટે લાયકાત - પસંદગી પ્રક્રિયા ઈન્ડિયન આર્મી સોલ્જર જનરલ ડયૂટી એકઝામ તથા ઈન્ડિયન આર્મી સોલ્જર્સ કલાર્કસ એકજામ પણ લેવામાં આવે છે. આ બધી જ પરીક્ષાઓ માટે લાયકાત - પસંદગી પ્રક્રિયા ઈન્ડિયન આર્મી સોલ્જર એમ.ઈ.આર એકઝામ જેવા જ હોય છે.ધો. ૧૦ પાસ ઉમેદવારોને સોલ્જર એમ.ઈ.આર ની તકો મળે છે. વય મર્યાદા ૧૬ થી ૨૧ વર્ષ છે. શારીરિક યોગ્યતા જરૂરી છે. આ ભરતી પ્રક્રિયા ગુજરાતમાં લશ્કરી ભરતી કાર્યાલય દ્વારા જિલ્લા / તાલુકા મથકોએ થાય છે. તેમાં જિલ્લાની રોજગાર કચેરીઓ મદદરૂપ બને છે. તે કચેરીનો પણ સંપર્ક કરી શકો છો. ગુજરાતમાં આર્મી રિક્રુટિંગ ઓફિસ, શાહીબાગ ડફનાળા પાસે, લશ્કર કેન્ટોન્મેન્ટ એરીયા અમદાવાદ અને રિક્રુટીંગ ઓફીસ, જામનગર જેવા સ્થળોએ લશ્કરી ભરતી યોજવામાં આવે છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ!

**૨. મે ૧૦ પાસ કરેલ છે.હું ડિપ્લોમા એન્જીનિયરીંગમાં અભ્યાસ કરવા માંગુ છું. તો કયા અભ્યાસક્રમ ઉપર પસંદગી કરવી?**

**- અજય પરમાર, અમદાવાદ**

સૌ પ્રથમ તો એક સ્પષ્ટતા ખાસ કરવાની જરૂર છે કે ડિપ્લોમાં એડમિશન માટે ફોર્મ જમા કરાવતી વખતે, કયા ડિપ્લોમાં કે કઈ કોલેજમાં એડમિશન જોઇએ છે તે પસંદગી દર્શાવવાની નથી. જ્યારે એડમિશન માટે બોલાવવામાં આવે ત્યારે જ આપણે આપણી પસંદગી (કયા ડિ?લોમાં અભ્યાસક્રમ / કઈ સંસ્થા) દર્શાવવાની છે. સામાન્ય રીતે જે મિત્રો એન્જિનિયરિંગ ક્ષેત્રમાં જ કારકિર્દી ક્ષેત્રમાં જ કારકિર્દી બનાવવા ઈચ્છતા હોય, પરંતુ ધોરણ ૧૨ સાયન્સના અભ્યાસક્રમમાં ઓછા ટકા આવ્યા હોય કે 'ધોરણ ૧૨ સાયન્?સમાં ઓછા ટકા આવશે તો ?' એવી શંકા હોય તેઓ આ ધોરણ ૧૦ પછીના ડિપ્લોમા અભ્યાસક્રમમાં પ્રવેશ લેવાનું પસંદ કરે છે. ડિપ્લોમા એન્જિનિયરિંગના કયા અભ્યાસક્રમમાં પ્રવેશ લેવો તે સવાલ લગભગ દરેક વિદ્યાર્થી કે વાલીને મૂંઝવે છે જ. કયો અભ્યાસક્રમ સારો તે કઈ રીતે નક્કી કરવું ? જો કે કોઈ પણ ડિપ્લોમાં અભ્યાસક્રમને સારો કે



ખરાબ એમ વર્ગીકૃત ન જ કરી શકાય. જે અભ્યાસક્રમમાં વિદ્યાર્થીને રસ પડે તે જ કોર્સ સારો કહેવાય. દા.ત., ઓટોમોબાઈલ એન્જિનિયરિંગ એ એક બહુ જ સારો અભ્યાસક્ર છે જ. પરંતુ જે વ્યક્તિ જરા પણ 'હાથ કાળા કરવા' ન તૈયાર હોય તેને તેમાં જરા પણ રસ નહિ પડે. આથી આપણને જે અભ્યાસક્રમ માં રસ પડે તેવો જ અભ્યાસક્રમ પસંદ કરવો. કારણ જેમાં રુચિ હોય તે કોર્સમાં વધુ સારી રીતે અભ્યાસ કરી શકાય. આપણને કયા કોર્સમાં રસ પડશે અથવા કયો કોર્સ સારો રહેશે તે નક્કી કરવા તમારે જાતે જ રિસર્ચ કરવું પડશે અને કેટલાક સવાલોના જવાબ મેળવવા પડશે. જેમકે જે તે ડિપ્લોમા અભ્યાસક્રમ માં શું શીખવવામાં આવે છે, જે તે કોર્સ કર્યા પછી ઉચ્ચ અભ્યાસની / સ્વરોજગારીની / નોકરીની તકો કેવી છે - કયા ફીલ્ડમાં છે ? આ સવાલોના જવાબ પરથી જ આપણી પસંદગીના ત્રણ-ચાર ડિપ્લોમા અભ્યાસક્રમ નક્કી કરવા. આ અભ્યાસક્રમો કઈ શિક્ષણ સંસ્થાઓમાં ઉપલબ્ધ છે તે જાણી જે તે સંસ્થા વિશે પણ માહિતી મેળવવી. અને આપ જે તે ક્ષેત્રના આપ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ ની પણ મુલાકાત લઈ શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ!

**૩.એસ.એસ.સી દ્વારા લેવામાં આવતી સ્ટેનોગ્રાફરની પરીક્ષા વિષે માહિતી આપશો**

**- એસ. શ્રીધન, ગાંધીનગર**

લાંબા લખાણ ને ટૂંક રૂપમાં સાંકેતિક ભાષામાં લખનારને સ્ટેનોગ્રાફર તરીકે ઓળખવામાં આવે છે. જેમાં અલગ અલગ ભાષા જેમકે અંગ્રેજી,હિન્દી અને ગુજરાતી વગરે માં નિષ્ણાત થઈ શકો છો.આ જગ્યાઓ મુખ્યત્વે કોર્ટ એટ્લે કે અદાલત દ્વારા બહાર પાડવામાં આવે છે. એસ.એસ.સી દ્વારા હિન્દી અને અંગ્રેજી માટે પરીક્ષા લેવામાં આવે છે. સૌપ્રથમ લાયકાત ની વાત કરીએ તો ગ્રૂપ સી અને ગ્રૂપ ડી બંને પરીક્ષા ૧૨ પાસ ઉપર લેવામાં આવે છે.જેમાં ગ્રૂપ સી માટે ઉમર ૧૮ થી ૩૦ વર્ષ જ્યારે ગ્રૂપ ડી માટે ૧૮ થી ૨૭ વર્ષ રાખવામા આવેલ છે.આ પરીક્ષા બે ભાગ માં લેવાં આવે છે.પ્રથમ લેખિત પરીક્ષા અથવા પ્રિલિમ લેવામાં આવે છે.જે ૨૦૦ માર્ક ની હોય છે. જેમાં સામાન્ય જ્ઞાન, અંગ્રેજી અને ગણિતના પ્રશ્નો પૂછવામ આવે છે. ત્યાર બાદ બીજા તબક્કામાં આપની સ્કીલ ટેસ્ટ લેવામાં આવે જેમાં આપના લખાણની સ્પીડ અને ગુણવત્તા ચેક કરવામાં આવે છે. સ્પીડ ની



વાત કરીએ તો ગ્રૂપ સી માટે ૧૦૦ વર્ડસ પ્રતિ મિનિટ અને ગ્રૂપ ડી માટે ૮૦ વર્ડસ પ્રતિ મિનિટ નિર્ધારિત કરેલ છે. એ માટે લેવામાં આવતી પરીક્ષા માં ગ્રૂપ ડી - અંગ્રેજી અને હિન્દી માટે અનુક્રમે ૫૦ અને ૬૫ મિનિટ નો ટાઈમ દેવામાં આવે છે.જ્યારે ગ્રૂપ સી - અંગ્રેજી અને હિન્દી માટે અનુક્રમે ૪૦ અને ૫૫ મિનિટ નો ટાઈમ આપવામાં આવે છે. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ !

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ:questions.career corner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/ questions.careercroner